

Long-Term Care Home Update

*Community Newsletter*

Lakeridge Health

**જાન્યુઆરી 2022**

## જાન્યુઆરીમાં બાંધકામની પ્રવૃત્તિઓ

અમારા વાચકો તેમજ સમગ્ર Durham  Regionને 2022ની શુભેચ્છાઓ! આ વર્ષ હાલમાં જે Ajax Pickering Hospitalની બાજુમાં લાંબાગાળાની સંભાળનું નવું ઘર બાંધકામ હેઠળ છે તે આનંદદાયક સીમાચિહ્નરૂપો લાવવાનું ચાલુ રાખશે. આ મહત્ત્વપૂર્ણ ઘટનાઓને અમારા સમુદાય સાથે સહભાગી બનાવવા કાજે અમે ઉત્સાહપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યાં છીએ, જેની શરૂઆત પાછલા મહિને કરેલી પ્રગતિથી કરીશું.

ઘરની બહાર, બાંધકામની સાઈટની પરિસીમાને આવરી લેતી ફેન્સિંગને દૂર કરવામાં આવી હતી. Clements Road પરનાં ઝડપથી કાર ચલાવવા માટેના બંધ માર્ગને શરૂ કરવામાં આવ્યો હતો, તેમ છતાં, Harwood Avenue પરનો ઝડપથી કાર ચલાવવા માટેનો માર્ગ આંશિકપણે એટલા માટે ચાલુ રહેશે કારણ કે નવા પાર્કિંગ ગરાજ માટેનું બાંધકામ ચાલી રહ્યું છે. આગામી સપ્તાહોમાં, બાહ્ય પ્રવૃત્તિ મહદંશે પાર્કિંગ ગરાજ પર ધ્યાન કેન્દ્રિત કરશે. માળખાંમાં કામ કરવા માટે જરૂરી ક્રેનને આ મહિને ઊભી કરવામાં આવી હતી તેમજ પૂર્વનિર્મિત ઘટકોને પહોંચાડાતા હોવાથી અમે નિર્માણસ્થળ પર અથવા તેનાંથી દૂર વધુને વધુ ખટારા આવશે એવી અપેક્ષા રાખીએ છીએ. એક વાર પૂર્ણ થશે, એટલે પાર્કિંગ ગરાજ લાંબાગાળાની સંભાળ તેમજ હૉસ્પિટલનાં દર્દીઓ માટે, ઉપરાંત નિવાસીઓ, મુલાકાતીઓ, ટુકડીનાં સભ્યો, અને પરિવારના સભ્યો માટે 500 પાર્કિંગની જગ્યાઓ પૂરી પાડશે.

ઘરની અંદર, ઘરની અગાશીનાં કઠેરાને સ્થાપિત કરવામાં આવ્યો છે તેમજ પૂર્ણ કરતા પહેલાં કરવામાં આવતા ફેરફારો ઝડપથી ચાલી રહ્યા છે. જેમ-જેમ ઈમારતનું બાંધકામ પૂર્ણ થવાને આરે આવતું જાય છે, તેમ-તેમ Lakeridge Health અને PCL Constructionની ટુકડીઓ ઘરનાં પ્રત્યેક ક્ષેત્રને — વિદ્યુત દીવો ધરાવતા વિદ્યુત ઉપકરણથી બારણાંનાં મિજાગરાં અને ફ્લોરિંગ સંબંધી સુધી — એ ચકાસવા માટે ઝીણવટથી પુનરવલોકન કરી રહ્યાં છે કે જો તેમાં કોઈ ડેફિશિઅન્સિઝ઼ જોવા મળે, તો તેને દૂર કરવા માટે. આનાંથી એ ખાતરી થશે કે ઈમારત ખોડખામી વિનાની છે, પૂર્ણ કરાયેલી છે તેમજ Lakeridge Healthની ટુકડી કબજો લઈ શકે એ માટે તૈયાર છે.

બાંધકામનાં આ અંતિમ તબક્કા દરમિયાન, સાઈટને સ્વચ્છ કરવાનું કાર્ય કરવામાં આવશે અને એનાં કારણે અવાજમાં થોડી ખલેલ પહોંચી શકે છે. બાંધકામનાં નજીકની સાઈટ પર રહેતા સૌ લોકો તેમની ધીરજ અને સમજણથી કામ લઈ રહ્યા છે એ બદલ અમે એમનો આભાર માનવાનું ચાલુ રાખીએ છીએ.




*ઢાંકવામાં આવેલો ચાલવા માટેનો રસ્તો તેમજ પાર્કિંગની જગ્યાઓ સાથે નવા ઘરનો આગળનો પ્રવેશદ્વાર (જાન્યુઆરી 3, 2022)*

## સબ્સ્ટૅન્શિઅલ પર્ફૉર્મન્સ કરવા કાજે ઉત્સાહપૂર્વક પ્રતીક્ષા કરતાં

બાંધકામ શરૂ થયાનાં માત્ર 12 મહિના પછી, Lakeridge Health સ્થિત લાંબાગાળાની સંભાળનું ઘર સબ્સ્ટૅન્શિઅલ પર્ફૉર્મન્સ તરફ આગળ ધપી રહ્યું છે. સબ્સ્ટૅન્શિઅલ પર્ફૉર્મન્સ તમામ મુખ્ય બાંધકામ પૂર્ણ થયું હોવાનું સૂચવે છે તેમજ એ સૂચવે છે કે હવે ઘર Lakeridge Healthને સુપરત કરી દેવા માટે તૈયાર છે.

આનાં પછી, Lakeridge Healthની ટુકડી આગામી મહિનાઓને એ બાબતેની ખાતરી રાખવા માટે વ્યતિત કરશે કે અત્યાધુનિક ઘર તાત્કાલિકપણે વસવાટ કરવા માટે તૈયાર છે. તેનાં ભવિષ્યનાં 320 નિવાસીઓ માટે આરામદાયક જગ્યા બનાવવા કાજે આમાં ઈન્ટરનેટનું માળખું, ઉપકરણો, કલાકૃતિ અને અન્ય પૂર્ણ કરતા પહેલાં કરવામાં આવતા ફેરફારોનો સમાવેશ થાય છે. ભલે સબ્સ્ટૅન્શિઅલ પર્ફૉર્મન્સ લાંબાગાળાની સંભાળનાં ઘરનું મુખ્ય બાંધકામ પૂર્ણ થયું હોવાનું સૂચવશે, તો પણ હેલિપૅડ અને પાર્કિંગ ગરાજ પર અલગ બાંધકામની પરિયોજનાઓ ચાલુ રહેશે.

આ ઈમારતનું આયોજન અને બાંધકામમાં સંકળાયેલ પ્રત્યેક વ્યક્તિ માટે સમયસર આ ધ્યેયને સાધવો એ એક જ્વલંત સફળતા છે. આની ઊજવણી કરવા માટે, Lakeridge Health તેનાં ભાગીદારો PCL Construction, અને Infrastructure Ontario, Parkin and G architects, તેમજ પ્રાંતીય સરકાર સાથે આવનારા સપ્તાહોમાં આ સીમાચિહ્નરૂપને ચિહ્નીત કરશે. આ સીમાચિહ્નરૂપને શક્ય બનાવનાર અસાધારણ પ્રગતિ તેમજ ભાગીદારીઓની ઝલક જોવા માટે નીચે આપેલ વિડિયો જુઓ!




## સંપર્કમાં રહો

અમે અમારા આ સામુદાયિક સમાચારપત્ર તેમજ અમારી વેબસાઈટ lh.ca દ્વારા તમને અમારી પ્રગતિ બાબત છેલ્લામાં છેલ્લી તારીખ સુધી અવગત રાખવાનું ચાલુ રાખીશું.

કોઈ પણ સમયે, જો તમારે કોઈ પ્રશ્નો હોય અથવા તો વધુ માહિતી ઈચ્છતા હો, તો કૃપા કરીને 905-576-8711 ext. 34167 પર કૉલ કરો અથવા AjaxLTC@lh.ca પર ઈમેઈલ કરો. તમે અમને ટ્વિટર અને ફેસબુક પર પણ અનુસરી શકો છો.

## સ્નોસ્ટૉર્મ દરમિયાન સાથે મળીને કામ કરવું

સ્નો સ્ટૉર્મ દરમિયાન Ajaxએ 17મી જાન્યુઆરીનાં દિવસે શિયાળુ ઝંઝાવાતની વિક્રમી સ્થાપના થઈ હોવા દરમિયાન 50 સેન્ટીમીટર જેટલી હિમવર્ષા જોઈ. તેનાં જવાબમાં, લાંબાગાળાની સંભાળનાં બાંધકામની સાઈટ પરથી 20થી મજૂરોએ Ajax Pickering Hospitalનાં પાર્ક કરવાનાં સ્થાને પાવડો મારીને બરફ દૂર કરવાની કામગીરી કરવા માટે તેમનાં અમૂલ્ય સમયનો ફાળો આપ્યો હતો. તેમનાં અકલ્પનીય પ્રયાસોને કારણે, હૉસ્પિટલનો કર્મચારી-વર્ગ દર્દીઓની ચોક્કસ જાણકારી રાખીને તેમની સંભાળ લેવા કાજેનું તેમનું કાર્ય સારી રીતે કરી શકી તેમજ દર્દીઓ પણ સલામતપણે હૉસ્પિટલમાં પ્રવેશ મેળવી શક્યા.



*ડૉક્ટરોની કાર પાર્ક કરવાનાં સ્થાને PCLની ટુકડીનો સભ્ય (હિમવર્ષા પછી) બરફને દૂર કરી રહ્યો છે*

### બાંધકામને લગતા મુખ્ય પારિભાષિક શબ્દોની શબ્દસૂચિ

**સબ્સ્ટૅન્શિઅલ પર્ફૉર્મન્સ** એ બાંધકામનાં ક્ષેત્રમાં એવું સીમાચિહ્નરૂપ છે જે મુખ્ય બાંધકામ પૂર્ણ થયું હોવાનું સૂચવે છે. સબ્સ્ટૅન્શિઅલ પર્ફૉર્મન્સનું પ્રમાણપત્ર એટેલે પરિયોજના, અથવા પરિયોજનાનો એ ભાગ, જે તેનાં ઈચ્છિત ઉપયોગ માટે બંધબેસતું આવે છે અને ત્યારબાદ માલિક તેમાં વસવાટ કરીને મિલકતનો ઉપયોગ કરી શકે છે.

**ડેફિશિઅન્સિ રિવ્યૂઝ** સબ્સ્ટૅન્શિઅલ પર્ફૉર્મન્સ પહેલાં કરવામાં આવે છે. જો કોઈ કૉઝમેટિક (એકમનું મામૂલી પ્રકારનું કોઈ પણ સમારકામ) અથવા ગુણવત્તાને લગતા કોઈ મુદ્દા હોય તો તેને શોધીને તેનું નિરાકરણ લાવવા કાજે એક સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરવામાં આવે છે. ડેફિશિઅન્સિ (ખામીઓ)માં રંગકામમાં, પોલીમરવાળી જમીનની લાદીમાં સપાટીનાં થરને સખત, ટકાઉ અને સુંવાળો કરીને સૂકવવા માટે પ્રવાહીથી લીંપણ કર્યું હોય તેમાં, ઉપલી સપાટીની લાદીઓમાં, પ્રકાશ ઉત્પન્ન કરતા સાધનોમાં, દીવાલોની અંદર વિદ્યુત પુરવઠાને જોડતા વિદ્યુત ઉપકરણોમાં, વગેરેમાં જો કોઈ લીટા, છેકા, ચીરા, લસરકા કે લિસોટા પડ્યા હોય, તો તેનો સમાવેશ થાય છે.